## ઈડરના મે.એડીશનલ સિવીલ જજ સાહેબની કોર્ટ સમક્ષ
## સાબરકાંઠા – મુ. ઈડર

**રે.દિવાની મુકદમા નંબર : ૧૨/૨૦૨૩**

**વાદી :** **મનસુરી ફકીરમહંમદ રસુલભાઈ,** ઉ.વ.આ.૫૭
ધંધો–ગેરેજ, રહે.મુ.પો.ગોરલ, તા.ઈડર, જી.સાબરકાંઠા

**// વિરૂધ્ધ //**

**પ્રતિવાદી:** ૧) **વિઠ્ઠલભાઈ કરશનભાઈ દરજી,** ઉ.વ.આ.પુખ્ત

૨) **અમૃતભાઈ કરશનભાઈ દરજી,** ઉ.વ.આ.પુખ્ત

૩) **પોપટભાઈ કરશનભાઈ દરજી,** ઉ.વ.આ.પુખ્ત
નં.૧થી ૩ નાઓ રહે. મુ.ગોરલ, તા.ઈડર, જી.સાબરકાંઠા
તે હાલ રહે. પહેલો માળ, રૂમ નં.૧૧, ધીરજ એપાર્ટમેન્ટ
જયશંકર ડીસ રોડ, અતિથી હોટલની પાસે
મુલુન્ડ(પશ્ચિમ), મુંબઈ–૪૦૦૦૮૦

૪) **મે.તલાટી કમ મંત્રી તથા સરપંચશ્રી**
ગોરલ ગ્રામ પંચાયત, ગોરલ, તા.ઈડર, જી.સાબરકાંઠા
બધા રહે. વાંસડોલ, તા.ઈડર, જી.સાબરકાંઠા

---

**વાદી તરફે** :– વિ.વ.શ્રી ડી.બી.સુથાર

**પ્રતિવાદીઓ તરફે** :– વિ.વ.શ્રી જી.આઈ.કુંપાવત,એન.એમ.સુથાર

---

**આંક–૫ ની કામચલાઉ મનાઈ હુકમની અરજી લગત હુકમ**

---

(૧).. વાદીની અરજીની ટૂંકમાં હકીકત એવી છે કે, ડીસ્ટ્રીકટ સબ ડીસ્ટ્રીકટ સાબરકાંઠાના તાલુકા ઈડરના મોજે ગોરલ ગામમાં ગોરલ ગામની પંચાયતની હદમાં ઠાકોર સાહેબશ્રી લક્ષ્મણસિંહજી સાહેબે વાદીના પિતાશ્રી મનસુરી રસુલ ઉસ્માનની નામના કાઢી આપેલ જે તા.૨૯/૫/૪૮ ના પરવાના વાળી ઘરથારી જમીનમાં પૂર્વ તરફના બારણાવાળુ રહેણાંકનુ મકાન વાદીની સ્વતંત્ર માલિકી કબજા ભોગવટાવાળુ આવેલ છે. વાદીના સદરહુ રહેણાંકના મકાનની સામે એટલે કે અવર જવરનો ૬ ફુટનો રસ્તો છોડી પુર્વે દિશાએ પ્રતિવાદી નં.૧,૨ અને ૩ ના રહેણાંકનો પુર્વ

દિશાના બારણાવાળાં માલિકીના મકાનો આવેલા છે અને સદરહુ મકાનો પાછળનો ભાગ હવા ઉજાસના બારી બારણોવાળો આવેલા છે અને પ્રતિવાદી નં.૧,૨ અને ૩ નાઓ સગા ભાઈઓ છે અને તેમના મકાનો વાદીના મકાન આગળ આવેલ ફળીયાનો રસ્તો ઉત્તર–દક્ષિણ રસ્તો છોડીને પુર્વે દિશાએ આવેલ છે. આ ફળીયાનો રસ્તો દક્ષિણ દિશાએથી ઉત્તર તરફ જતાં વાદીના મકાન સુધી આવેલા છે અને ત્યાં સમાપ્ત થઈ જાય છે. પ્રતિવાદી નં.૧,૨ અને ૩ નાઓએ તેમના મકાનના પછીતનો ભાગમાં ગેરકાયદેસર રીતે પુર્વ પશ્ચિમ ૬ ફુટનુ સરકારી રસ્તામાં દબાણ કરી રીતે નવીન કમ્પાઉન્ડ કોટનું બાંધકામ કરી તેમાં અવર જવરના દરવાજા મુકવા તત્પર બનેલા અને પ્રતિવાદી નં.૧ નાએ ગેરકાયદેસર રીતે કપાઉન્ડ કોટ બનાવી તેના પર મકાનના ધાબા સુધી લોખંડની જાળી પણ બનાવી દીધેલ છેઅને પ્રતિવાદી નં.૧,૨ અને ૩ નાઓએ કાયદો હાથમાં લઈ સરકારી રસ્તામાં ૬ ફુટ દબાણ કરી કમ્પાઉન્ડ કોટ બનાવી દીધેલ છે અને તેમાં પણ રસ્તા પર અવરજવર કરવાના દરવાજા મુકી નવીન હકકો ઉભા કરવા તૈયાર થયેલ હોઈ જે કૃત્ય ગેરકાયદેસર અને ગુનાહીત હોઈ વાદીએ પ્રતિવાદી નં.૪ નાને મૌખિક તેમજ લેખીત જાણ તા.૨૮/૧૨/૨૨ ના રોજ કરેલ. તેમ છતાં પ્રતિવાદી નં.૪ નાએ કોઈ કાર્યવાહી કરેલ નહી. જેથી વાદીએ પ્રતિવાદી નં.૪ ને દબાણ દુર કરવા તા.૨૦/૧/૨૩ ના રોજ ધી ગુજરાત પંચાયત એકટ, ૧૯૯૩ ની કલમ–૨૭૦(૨) મુજબની સેચ્યુટરી નોટીસ આપેલ તેમ છતાં પ્રતિવાદી નં.૪ નાએ પ્રતિવાદી નં.૧,૨ અને ૩ નાએ તેમના ઘરની પાછળ એટલે કે વાદીના મકાનની આગળ કંપાઉન્ડ કોટ બનાવી તેમાં અવરજવરના રસ્તા બનાવવા પ્રયત્ન શીલ બની દબાણ કરેલ છે. તે દુર ન કરાવતતાં પ્રતિવાદી નં.૪ નાએ વાદીના મકાનના આંગણાની હમારી માલિકીની જગ્યામાં આશરે ૧૦ વર્ષથી એક જ પતરાનો શેડ બનાવેલ છે તે દુર કરવા તા.૧૪/૩/૨૩ ના રોજ નોટીસ આપી વાદીને નુકશાન કરવા કાર્યવાહી કરતા હોઈ ઉપરોકત વાદવિવાદવાળી જગ્યાની ચતુર્થસીમા તથા હદમજાદ નીચે મુજબ છે.

**હદમરજાદ :–**

**પુર્વે :–** પ્રતિવાદી નં.૧,૨ અને ૩ ના મકાનનો પાછળનો ભાગ જે સરકારી રસ્તાની જગ્યાએ દબાણ કરી કંપાઉન્ડ કોટ કરેલ છે.

**પશ્ચિમે :–** વાદીનુ પુર્વના બારણાવાળુ મકાન તથા આંગણાની જગ્યા છોડી સરકારી રસ્તો

**દક્ષિણે :–** નરેશભાઈ પોપટભાઈ સુથારના મકાનનો પાછળનો ભાગ છોડી રસ્તો નથી

**ઉત્તરે** :– વાદીના મકાની બાજુમાં અશોકભાઈ અમૃતભાઈ સુથારનુ મકાન તથા અન્ય મકાનો તેમજ સરકારી રસ્તો છોડી પ્રતિવાદી નં.૧,૨,૩ ના મકાનનો તથા અન્ય મકાનનો પાછળનો ભાગ

વધુમાં જણાવે છે કે, ઉપરોકત જમીન જગ્યા હવે પછી અરજીના કામે સગવડતા ખાતર વાદગ્રસ્ત જમીન તરીકે ઉલ્લેખવામાં આવશે. વાદગ્રસ્ત જમીનમાં પ્રતિવાદી નં. ૧ થી ૩ નાએ તેમના મકાનના પાછળના ભાગે વાદીના ઘરની સામે પુર્વે તરફ સરકારી રસ્તામાં દબાણ કરી કમ્પાઉન્ડ કોટ કરી તેમાં અવર જવરના દરવાજા મુકવા અને નવીન હકકો ઉભા કરવા જતાં વાદીના પ્રાયવસીના ઈજમેન્ટના હકકો સદંતર ભંગ થાય તેમ હોઈ તેમ જ પ્રતિવાદી નં.૧ થી ૩ નાને નવીન હકકો અવરજવરના અગાઉ પ્રાપ્ત ન હોવા છતાં અને ફળીયાની જગ્યામાં વાદીની ભવિષ્યની અવરજવરમાં અનેક અડચણો અને અસુવિધાઓ ઉભી થાય તેમ છે જેથી વાદીએ પ્ર તિવાદી નં.૪ નાને મૌખિક તેમજ લેખીત જાણ તા.૨૮/૧૨/૨૨ ના રોજ કરેલ. તેમ છતાં પ્ર તિવાદી નં.૪ ને પ્રતિવાદી નં.૧,૨,૩ નાએ કરેલ દબાણ દુર કરવા તા.૨૦/૧/૨૩ ના રોજ ધી ગુજરાત પંચાયત એકટ, ૧૯૯૩ ની કલમ–૨૭૦(૨) મુજબની સેચ્યુટરી નોટીસ આપેલ તેમ છતાં પ્રતિવાદી નં.૪ નાએ પ્રતિવાદી નં.૧,૨ અને ૩ નાએ તેમના ઘરની પાછળ એટલ ે કે વાદીના મકાનની આગળ કંપાઉન્ડ કોટ બનાવી તેમાં અવરજવરના રસ્તા બનાવવા પ્રયત્ન શીલ બની દબાણ કરેલ છે. તેમજ પ્રતિવાદી નં.૧ નાએ તો કંપાઉન્ડ કોટ કરી તેમના ધાબા સુધી લોખંડની જાળી ફીટ કરી નવીન બાંધકામ પણ કરેલ તે દુર ન કરાવતતાં પ્રતિવાદી નં.૪ નાએ વાદીના મકાનના આંગણાની હમારી માલિકીની જગ્યામાં આશરે ૧૦ વર્ષ એક જ પતારાનો છાયડા માટે શેડ બનાવેલ છે તે દુર કરવા તા.૧૪/૩/૨૩ ના રોજ નોટીસ આપી વાદીને નુકશાન કરવા કાર્યવાહી કરતા તેમજ વાદીના ઈજમેટ હકકો છીનવી લેવા માંગતા હોઈ પ્ર તિવાદી નં.૪ નાએ પ્રતિવાદી નં.૧ થી ૩ નાએ કરેલ દબાણ વિરુધ્ધ કોઈ કાર્યવાહી કરેલ નથી કે હમોને થતા નુકશાનને અટકાવેલ નથી કે કોઈ દબાણ દુર કરેલ નથી. વાદી તરફેઆપેલ નોટીસનો કોઈ જવાબ આપેલ નથી કે આજદિ સુધી કોઈ યોગ્ય કાર્યવાહી કરેલ નથી તેમજ હાલમાં પ્રતિવાદી નં.૧ થી ૩ નાઓએ કોટનુ કામ ચાલુ રાખી પુરેપુરો કોટ બાંધી વાદીના ઘર સામે કોટમાં દરવાજા મુકવા પ્રયત્ન શીલ હોઈ તથા વાદીના અવર જવરનો રસ્તામાં કોટ બનાવી

રસ્તાનુ દબાણ કરી બંધ કરી રહેલ હોઈ તેમજ વાદીના મકાનના આંગણામાં કરેલ છાયડા માટે કરેલ શેડ દુર કરવા નોટીસ આપી હમારા ઈજમેન્ટ હકકો દુરકરવા માંગતા હોઈ હાલની આ મનાઈ હુકમની અરજી કરવાની જરૂરીયાત પડેલ છે અને વાદીનો પ્રથમ દર્શનીય કેસ છે. અને અરજીમાં પેરા નં.૮ માં દાદમાં જણાવેલ છે કે–

અરજીના પેરા નં.૧ માં વર્ણવેલ મકાન ના પાછળ ના ભાગમાં તથા વાદીની સામેની બાજુ પ્રતિવાદી નં.૧ થી ૩ નાએ સરકારી રસ્તાની જગ્યાનું દબાણ કરી કમ્પાઉન્ડ કોટ કરી દીધેલ હોઈ તેમાં અવરજવરના રસ્તા મુકવા પ્રયત્નશીલ હોઈ,તેમજ પ્રતિવાદી નં.૧ નાએ દબાણ કરી કોટી કરેલ તેમા લોખંડની જાળી મુકેલ હોઈ તે પ્રતિવાદી નં.૪ નાઓએ કરેલ કમ્પાઉન્ડ કોટનુ દબાણ દુર કરવાની કોઈ કાર્યવાહી કરેલ નથી કે દબાણ દુરાવેલ નથી તે પ્ર તિવાદી નં.૧ થી ૩ કરેલ કોટનુ દબાણ દુરાવવા પ્રતિવાદીઓ ને હુકમ કરવા તેમજ વાદીએ હમારા મકાનના આંગણામાં બનાવેલ શેડ પ્રતિવાદી નં.૪ નાઓ દુર કરે કે કરાવે નહી તેવુ વિજ્ઞાપન કરી આપવા હુકમ ફરમાવવા તેમજ વાદીના મકાન સામે તથા પ્રતિવાદી નં.૧ થી ૩ નાઓ પ્રતિવાદી નં.૪ ના સલાહ સુચનો તથા યોગ્ય કાર્યવાહી તથા દસ્તાવેજી મુલ્યાંકન તથા ખરાઈ કર્યા વગર વાદીની મકાનની પુર્વ દિશામાં પ્રતિવાદી નં.૧ થી ૩ ના મકાનની પાછળના ભાગે તેમના માણસો, મરતિયાઓ નોકરો કે એજન્ટો મારફતે વાદીને નુકશાન કર્તા બીજુ કોઈ પણ પ્રકારનુ બાંધકામ કરે કે કરાવે નહી તેવો દાવો ચાલતા દરમિયાન કામચલાઉ મનાઈ હુકમ ફરમાવવાનુ જણાવેલ છે.

(૨) આ કામે પ્રતિવાદી નં.૧ થી ૩ નાઓને દાવા સમન્સની બજવણી થતાં પ્રતિવાદી નં.૧ થી ૩ નાઓ તેમના વિ.વ.શ્રી મારફત હાજર થયેલ છે અને આંક–૧૬ થી વાદીઓની આંક–૫ અરજી નો જવાબ રજુ કરેલ છે. જેમાં મુખ્યત્વે અરજીમાં જણાવેલ પેરા વાઈસ મુજબની હકીકતોનો ઈન્કાર કરેલ છે અને પ્રતિવાદી નં.૧ થી ૩ સામે વાદીને આવી કોઈ અરજી કરવાની અધિકાર નથી તેમજ અરજી સાચી નથી અને રદ થવા પાત્ર થવાનુ જણાવેલ છે અને ખરી હકીકતે જણાવે છે કે, પ્રતિવાદીઓના પિતા મોજે ગોરલ તા.ઈડર મુકામે રહેતા આવેલ છે અને તેઓને મોજે ગોરલ મુકામે ઠાકોરશ્રી લક્ષ્મણસિહજી સાહેબનાઓએ તા.૯/૯/૪૮ માં દરજી વિરચંદ સાંકળચંદને પરવાનો આપીને પ્લોટ આપેલ. જે દસ્તાવેજ વંચાણે લેતાં ઉત્તર–દક્ષિણ–૨૩ અને પૂર્વ–પશ્ચિમ–૬૦ ની જગ્યા આપેલ. જેમાં સ્પષ્ટ જણાવેલ છે કે, પશ્ચિમ દિશા તરફ

તમારા ઘરના કરાએ બારણુ મુકી ફુટ ૬ જમીન વેચાણ મુકી ફળીયાનો રસ્તો આવેલ છે એટલે કે અમોને પાછળના ભાગે બારણુ મુકવાનો હકક અધિકાર રહેલો છે અને ફળીયાનો રસ્તો કાયમી અવર જવર માટે ખુલ્લો રાખવાનો છે તેજ રીતે દરજી કરશન સાંકળચંદને પરવાનો કરી આપી પ્લોટ આપેલ છે જેમાં ચોકકસ માપ લખવામાં આવેલ છે અને તેમાં પણ સ્પષ્ટ જણાવેલ છે કે, ફળીયાનો રસ્તો પશ્ચિમ દિશાએ ફુટ–૬ વેચાણ જમીન મુકી ફળીયાનો રસ્તો છે. ત્યારબાદ પ્રતિવાદી નં.૧,૨ અને ૩ ના પિતા કરશનભાઈ સાંકળચંદ દરજીનાઓએ ગોરલ ગૃપ પંચાયતમાં તા.૧/૧૧/૮૩ ના રોજ બાંધકામ રજા ચીઠ્ઠી મેળવીને બાંધકામ કરેલ છે અને ત્યારથી પ્રતિવાદીઓની માલિકીની જગ્યામાં કાયદેસરનું બાંધકામ કરેલ છે અને આ કંપાઉન્ડ વોલ જે સને– ૧૯૮૩ થી બનાવેલ છે તે હાલમાં મોજુદ છે. વાદીએ ફળીયાના રસ્તાની જગ્યામાં તદ્દન ગેરકાયદેસરનુ ફળીયાના રસ્તામાં તદ્દન ખોટી રીતે કોઈપણ જાતની પરવાનગી કે સંમતિ વિના કે કોઈપણ ઓથોરીટી વિના દિવાલ ચળીને લોખંડનુ પતરાનું છાપરુ બનાવી દીધેલ છે. જેના લીધેલ અવર જવર કરવાનો ફળીયાનુ રસ્તો બંધ થઈ ગયેલ છે. અમો પ્રતિવાદીઓએ સને– ૧૯૮૩ થી મકાન બનાવેલ હોય, જે મકાન જુનુ થયેલ હોય તેનુ સમારકામ કરાવવુ જરૂરી હોઈ તેથી અમોએ સમારકામ ચાલુ કરેલ અને મકાનને કલર કામ કરવાનુ ચાલુ કરેલ અને પ્રતિવાદી ઓના મકાનમાં પહેલેથીજ જાહેર ફળીયાના રસ્તામાંથી અવર જવર કરવા માટેનુ બારણુ તથા બારીઓ આવેલ છે અને કોટની દિવાલ પણ છે. જેમાં સને–૧૯૮૩ થી દક્ષિણ દિશા તરફ બે બારણા આવેલ છે તેમાંથી એક બારણુ ખુલ્લો હતો તેમા લોખંડની જાળી બનાવવી જરૂર પડતી હોય તેથી પ્રતિવાદીઓએ અમારી હદમર્યાદામાં જાળી બનાવવાનુ ચાલુ કરેલ છે. પ્રતિવાદી નં.૨ નાઓની હવા ઉજાસ ઓછી પડતી હોય અને બારી મુકેલ તે હવા ઉજાસ વધારે આવે તે માટે બારી તેમજ બારણુ મોટુ કરવાનુ કામ ચાલુ કરેલ તો વાદીના પુત્રએ અમોને ધમકીઓ આપવા લાગેલ કે, અહીયા તમારે કોઈજ રીતે અવર જવર કરવાની નથી. આ જગ્યા મારી છે અને તમારા મકાનમાં પણ મોટી બારી પાડવા નહી દઉ તેમ કરીને પ્રતિવાદીઓને ગોરલ ગામની બહાર નીકળતો ખરો તેને જાનથી મારી નાખીશ અને તારા હાથપગ ભાગી નાખીશ તેમ કરીને અમોને વારંવાર ધમકીઓ આપવા લાગેલા. જે અંગેની પ્રતિવાદીઓએ ઈડર પોલીસ સ્ટેશન તા.૩૧/૧૨/૨૨ ના રોજ લેખીતમાં ફરીયાદ આપેલ.

(૨.૧) વધુમાં પ્રતિવાદીઓ જણાવે છે કે,આ કામના વાદીએ તદ્દન ગેરકાયદેસરનુ ફળીયાના રસ્તામાં તેમજ પ્રતિવાદીઓની ખુલ્લી જમીન ઉપર દિવાલ ચળીને પતરાનો શેડ બનાવેલ છે તે અમોને અડચણ અને નડતરરૂપ હોઈ તે દુર કરવા માટે અમોએ ગોરલ ગૃપ પંચાયતમાં લેખીતમાં તા.૩૦/૧૨/૨૦૨૨ ના રોજ બીડાણમાં ફોટા સાથે મોકલીને અરજી આપેલી. ત્યારબાદ અમોએ તાલુકા વિકાસ અધિકારી સાહેબશ્રી, તાલુકા પંચાયત ઈડર નાઓને તા.૩૧/૧૨/૨૨ ના રોજ લેખીતમાં બિડાણમાં ફોટા સાથે મોકલીને અરજી આપેલ. તે જ રીતે અમોએ મામલતદાર સાહેબશ્રી, મામલતદાર કચેરી ઈડર સમક્ષ તા.૩૧/૧૨/૨૨ ના રોજ અરજી આપેલ. ત્યારબાદ અમોએ મુખ્યમંત્રીશ્રી સ્વાગત કાર્યક્રમ ઈડર, મામલતદાર કચેરી ઈડર સમક્ષ તા.૨૪/૧/૨૩ ના રોજ અરજી આપેલ અને જણાવેલ કે અમારા ઘરની કોટની દિવાલને અડીને ગેરકાયદેસરની દિવાલ બનાવી પતરાનો શેડ બનાવેલ છે. ત્યારબાદ ગોરલ ગ્રામ પંચાયતનાઓએ તા. ૧૭/૨/૨૩ ના રોજ અમોને નોટીસ આપી જણાવેલ કે, રહેણાંકના મકાનની સર્ટીફાઈડ કોપી રજુ કરવી અને રસ્તાનુ ચોકકસ માપ નકકી કરવાનુ હોઈ તેમ જણાવી નોટીસ આપેલ. ત્યારબાદ પંચાયતના અધિકારીઓ તથા તાલુકા વિકાસ અધિકારીઓએ સ્થળ ઉપર આવીને ચોકકસ માપ નકકી કરીને સ્થળ ઉપર લાલ કલરના પટા મારેલ કે તે લાલ કલરના પટાની વચ્ચેની જગ્યા સરકારી ફળીયાનો કાયમી રસ્તો છે તેમાં કોઈપણ પ્રકારનું દબાણ કરી શકશે નહી. તેથી સદર ઉપરોકત બાબતો ધ્યાને રાખીને વાદીને ગોરલ ગૃપ ગ્રામપંચાયતે તા.૧૪/૩/૨૩ ના રોજ નોટીસ આપેલ પૂર્વ દિશા તરફ ફળીયાના રસ્તાની જમીનમાં (૮) આઠ ફુટ જેટલી જમીનમાં લોખંડ તથા પતરાનો શેડ બનાવેલ છે તથા ઈંટથી થતુ બાંધકામ કરેલ છે તે ગુનાહીત કૃત્ય છે જેથી દિન-૧૦ માં દબાણ ખુલ્લુ કરવુ જો તેમ કરવામાં કસુર કરશો તો ગુજરાત અધિનિયમ ની કલમ-૧૦૫ મુજબની કાર્યવાહી કરવામાં આવશે. આ અંગેની નોટીસ વાદીને મળતા તે નોટીસ ઉપર વાદીએ ગુજરાત ગ્રામ પંચાયત એકટની કલમ-૨૪૨ મુજબની કોઈજ અપીલ દાખલ કરવામાં આવેલ નથી કે ચેલેન્જ કરવામાં આવેલ નથી. આમ વાદી પહેલાથીજ જાણે કે તેઓએ તદ્દન ગેરકાયદેસરનું દબાણ કરેલ છે તેઓ વિરુધ્ધ જમીન પચાવી પાડવા ના કાયદા મુજબની ફરીયાદ ન થાય તે માટેનો હાલની ખોટી અરજી કરેલ છે. વાદીએ બદઈરાદાથી કોઈપણ જાતના હકક હિત હિસ્સા વગર પબ્લીક ના જવા આવવાનો ભોગવટામાં વિક્ષેપ કરવાના ઈરાદાથી ઈરાદાપુર્વક બનાવટી ડોકયુમેન્ટ તૈયાર કરી સત્ય હકીકત છુપાવી નામદાર

કોર્ટને ગેરમાર્ગે દોરવાના પ્રયત્નો કરેલ છે જે અરજી મુળથી જ ખોટી હોઈ ખર્ચ સાથે રદ કરવા નમ્ર અરજ કરેલ છે.

(૩) સદર કામના પ્રતિવાદી નં.૪ નાઓને દાવા સમન્સની બજવણી થતાં પ્રતિવાદી નં.૪ નાઓ તેમના વિ.વ.શ્રી મારફત હાજર થયેલ છે અને આંક–૨૦ થી વાદીની આંક–૫ વાળી અરજીનો જવાબ રજુ કરેલ છે. જેમાં મુખ્યત્વે અરજીમાં જણાવેલ પેરા વાઈસ મુજબની હકીકતોનો ઈન્કાર કરેલ છે અને પ્રતિવાદીઓ સામે વાદીને આવી કોઈ અરજી કરવાની અધિકાર નથી તેમજ અરજી સાચી નથી અને રદ થવા પાત્ર થવાનુ જણાવેલ છે અને સત્ય હકીકત જણાવે છે કે, પ્રતિવાદી પંચાયત એકટ નીચે નોંધાયેલ સંસ્થા છે અને પંચાયતના નીતી નિયમો મુજબ કાર્ય કરે છે. પંચાયતની હકુમતમાં કોઈપણ ગેરકાયદેસરનું દબાણ, બાંધકામ, પરવાનગી વગર કરી શકે નહી અને તે માટે પંચાયતના નિયમો મુજબ કોઈપણ બાંધકામ કરવુ હોય તો સૌપ્રથમ પંચાયતમાં અરજી કરીને તેની પરવાનગી મેળવી તે અંગેનો પંચાયતમાં ઠરાવ મંજુર કરીને કરી શકાય તેમ છે. પરંતુ, હાલના વાદી ધ્વારા જે દાવાવાળી જગ્યામાં બાંધકામ કરેલ છે તે તદૃન ગેરકાયદેસર છે અને પંચાયતના નીતીનિયમો મુજબ કરવામાં આવેલ નથી. ત્યારબાદ પ્રતિવાદી નં.૧ થી ૩ નાઓએ તા.૩૦/૧૨/૨૨ ના રોજ પંચાયતને લેખીતમાં વાદીએ જે ગેરકાયદેસરનુ દબાણ કરેલ છે તે ગેરકાયદેસરનું બાંધકામ તોડવા બાબતની કાર્યવાહી કરવાની અરજી આપેલ તેમજ પ્રતિવાદી નં.૧થી ૩ નાઓએ વાદીએ કરેલ ગેરકાયદેસરના દબાણના ફોટા સહીત ગેરકાયદેસરનુ દબાણ દુર કરવા મે.મામલતદારશ્રી ઈડરને તા.૩૧/૧૨/૨૨ નારોજ અરજી કરતાં મે.મામલતદારશ્રી ઈડરનાએ તા.૨૧/૧/૨૩ નારોજ મે.તાલુકા વિકાસ અધિકારી, ઈડરનાઓએ ગેરકાયદેસર દબાણ દુર કરવા માટે પત્ર કરેલ જે પત્ર અન્વયે તાલુકા વિકાસ અધિકારી, ઈડર નાએ તા.૬/૨/૨૩ ના રોજ ગ્રામ પંચાયતના અધિકાર અન્વયે ઘટતી કાર્યવાહી કરવા સારૂ પ્રતિવાદી નં.૪ ને જાણ કરતો હુકમ મોકલેલ. જે અન્વયે તા.૨૮/૨/૨૩ નારોજ પંચાયત ધ્વારા પંચોની હાજરીમાં દાવાવાળી જગ્યાનો પંચનામું કરવામાં આવેલ અને તેનો સ્થળસ્થિતિનો નકશો કરવામાં આવેલ છે. જેમાં દબાણવાળી જમીન લાલ માર્કથી પતરા તથા એન્ગલ શેડ પૂર્વ–પશ્ચિમ–૮.૯ ફુટ અને ઉત્તર–દક્ષિણ ૨૦ ફુટ કુલ ચો.ફુટ ૧૭૮. નુ દબાણ થયેલ છે. ત્યારબાદ વાદીનુ પંચાયતની જમીન ઉપર કરેલ દબાણ(શેડ) દુર કરવા બાબતે તા. ૧૪/૩/૨૩ ના રોજ લેખીતમાં વાદીને નોટીસ પંચાયત તરફથી આપવામાં આવેલ તેમ છતાં

વાદીએ કરેલ ગેરકાયદેસરનું દબાણ દુર કરેલ નથી અને હાલની પંચાયતની જમીનમાં દબાણ કરવાનો વાદીને કોઈજ હકક અધિકાર રહેલો નથી અને વાદીએ દુર કરવુ ન પડે તે ઈરાદાથી હાલનો ખોટી હકીકત ઉભી કરી ખોટી અરજી કરેલ છે. વાદીએ હાલમાં પ્રતિવાદી નં.૪ ને ખોટી રીતે પક્ષકાર બનાવેલ હોય તેથી પ્રતિવાદી નં.૪ ને વાદી પાસેથી કોમ્પેશરી કોસ્ટ અપાવવા અરજ કરેલ અને સદર અરજી રદ કરવા અરજ કરેલ છે.

(૪) વાદીએ પોતાના અરજીના સમર્થનમાં નીચે મુજબના દસ્તાવેજો રજુ કરેલા છે.

| અ.નં. | વિગત | માર્ક નં. |
|---|---|---|
| ૦૧. | વાદીની મિલકત મકાનના પરવાની નકલ | ૩/૧ |
| ૦૨. | વાદીએ સરપંચશ્રી ગોરલ ગ્રામ પંચાયતને આપેલ અરજીની નકલ | ૩/૨ |
| ૦૩. | વાદીએ પ્રતિવાદી નં.૪ ને આપેલ અરજીની નકલ | ૩/૩ |
| ૦૪. | વાદીએ તાલુકા વિકાસ અધિકારીને આપેલ અરજીની નકલ | ૩/૪ |
| ૦૫. | વાદીએ પ્રતિવાદીઓ પંચાયત ધ્વારા કલમ–૨૭૦(૨) હેઠળ આવેલ નોટીસની નકલ | ૩/૫ |
| ૦૬. | પ્રતિવાદીએ વાદીને તેમના મકાનના આંગણામાં કરેલ શેડ દુર કરવાની નોટીસની નકલ. | ૩/૬ |

(૫) પ્રતિવાદી નં.૧ થી ૩ નાએ અરજીના સમર્થનમાં નીચે મુજબના દસ્તાવેજો રજુ કરેલા છે.

| અ.નં. | વિગત | માર્ક નં. |
|---|---|---|
| ૧. | મોજે ગોરલ તા.ઈડરનો શ્રી લક્ષ્મણસિંહજી સાહેબનાઓએ વિરચંદ સાંકળચંદ દરજીને પરવાનો આપેલ તેની નકલ | ૧૮/૧ |
| ૨. | મોજે ગોરલ તા.ઈડરનો શ્રી લક્ષ્મણસિંહજી સાહેબનાઓએ કરશન સાંકળચંદ દરજીને પરવાનો આપેલ તેની નકલ | ૧૮/૨ |
| ૩. | મોજે ગોરલ તા.ઈડરનો શ્રી લક્ષ્મણસિંહજી સાહેબનાઓએ કરશન સાંકળચંદ દરજીને પરવાનો આપેલ તેની નકલ | ૧૮/૩ |
| ૪. | દરજી કરશનભાઈ સાકળચંદનાઓએ ગોરલ ગૃપ ગ્રામ પંચાયતે બાંધકામ રજા ચીઠ્ઠી આપેલ તેની નકલ | ૧૮/૪ |
| ૫. | અમોએ ગોરલ ગૃપ ગ્રામ પંચાયતે ગેરકાયદેસરનું વાદીએ દબાણ કરેલ તે દુર કરવા માટે લેખીતમાં અરજી આપેલ તેની નકલ | ૧૮/૫ |
| ૬. | ઈડર પોલીસ સ્ટેશને પ્રતિવાદીઓએ આપેલ લેખીત ફરીયાદની નકલ | ૧૮/૬ |
| ૭. | અમોએ તાલુકા વિકાસ અધિકારીશ્રીને ઈડર તાલુકા પંચાયતને લેખીતમાં દબાણ દુર કરવા માટેની અરજી આપેલ તેની નકલ | ૧૮/૭ |
| ૮. | અમોએ મામલતદાર સાહેબશ્રી, ઈડર સમક્ષ વાદીએ કરેલ દબાણ દુર કરવા | ૧૮/૮ |

| | | |
|---|---|---|
| | માટેની લેખીતમાં અરજી આપેલ તેની નકલ | |
| ૯. | અમોએ મુખ્યમંત્રીનો સ્વાગત કાર્યક્રમ(ઈડર) સમક્ષ વાદીએ કરેલ દબાણ દુર કરવાની લેખીતમાં અરજી આપેલ તેની નકલ | ૧૮/૯ |
| ૧૦. | અમોને ગોરલ ગ્રામ પંચાયત મારફતે નોટીસ મોકલાવેલ તે નોટીસની નકલ | ૧૮/૧૦ |
| ૧૧. | અમોએ વાદીએ દબાણ કરેલ છે તેના બધી સાઈડથી ફોટોગ્રાફ પાડેલ છે તે ફોટોગ્રાફ કલ પ્રિન્ટર અસલ નંગ–૯ | ૧૮/૧૧ |

(૬) પ્રતિવાદી નં.૪ નાએ અરજીના સમર્થનમાં નીચે મુજબના દસ્તાવેજો રજુ કરેલા છે.

| અ.નં. | વિગત | માર્ક નં. |
|---|---|---|
| ૧. | પ્રતિવાદી નં.૧ થી ૩ નાએ પ્રતિવાદી નં.૪ પંચાયતને લેખીતમાં વાદી ધ્વારા થયેલ દબાણ દુર કરવા માટે અરજી આપેલ તે અરજીની નકલ | ૨૧/૧ |
| ૨. | મે.મામલતદારશ્રી ઈડરનાઓએ પ્રતિવાદી નં.૧ થી ૩ નાએ આપેલ અરજી | ૨૧/૨ |
| ૩. | મે.મામલતદારશ્રી ઈડરનાએ મે.તાલુકા વિકાસ અધિકારી, ઈડરનાઓને દબાણ દુર કરવા માટે અરજી મોકલેલ તે અરજી ઉપર મે.તાલુકા વિકાસ અધિકારીએ હુકમ કરીને અમો પંચાયતને મોકલેલ તે અરજી અસલ | ૨૧/૩ |
| ૪. | અમો પંચાયતે પંચનામું તથા નકશો તૈયાર કરેલ તે અસલ | ૨૧/૪ |
| ૫. | અમો પંચાયતે વાદીને નોટીસ આપેલ તે નોટીસની સ્થળપ્રત | ૨૧/૫ |
| ૬. | વાદી ધ્વારા દાવાવાળી જમીનનુ દબાણ કરેલ છે તે દબાણ થયેલ તેના ફોટોગ્રાફ અસલ | ૨૧/૬ |

(૭) આ કામના વાદી અને પ્રતિવાદીઓના વિ.વ.શ્રીની મૌખિક દલીલ સાંભળી અને વાદીના વિ.વ.શ્રીએ આંક–૩૧ થી પુરસીસ આપી આંક–૫ ની અરજીમાં જણાવેલ હકીકત અને દાદ સુનાવણી અને લેખીત દલીલ ગણવા વિનંતી કરેલ છે. જે ધ્યાને લેવામાં આવે છે. તેમજ પ્રતિવાદી નં.૧ થી ૩ તરફે આંક–૩૨ થી લેખીત દલીલ રજુ કરેલ છે. જે પણ વંચાણે લેવામાં આવે છે.

(૮) આ અરજીના મારા નિર્ણય અને નિકાલ અર્થે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**:: મુદ્દાઓ ::**

(૧) શું વાદી પુરવાર કરે છે કે, તેઓને પ્રથમદર્શનીય કેસ છે?

(૨) શું વાદી પુરવાર કરે છે કે, સગવડતા–અગવડતાની સમતુલા તેઓની તરફેણમાં છે?

(૩) શું વાદી પુરવાર કરે છે કે, જો તેના માંગ્યા મુજબનો કામચલાઉ મનાઈ હુકમ આપવામાં ન આવે તો તેને નાણામાં ભરપાઈ ન થઈ શકે તેવું નુકશાન થવા સંભવ છે?

(૪) શું હુકમ?

(૯) ઉપરોકત મુદ્દાઓના મારા નિર્ણય નીચે મુજબ છે?

(૧) નકારમાં,

(૨) નકારમાં,

(૩) નકારમાં,

(૪) આખરી હુકમ મુજબ.

(૧૦) ઉપરોકત નિર્ણયોના કારણો મારા અભિપ્રાય પ્રમાણે નીચે મુજબ છે.

**:: કારણો ::**

**મુદ્દા નંબર : ૧ થી ૩ ની ચર્ચા :–**

(૧૧) આ કામે ઉપરોકત તમામ મુદ્દાઓ હકીકતથી પરસ્પર એકબીજા સાથે સંકળાયેલા હોય, આ તમામ મુદ્દાઓની ચર્ચા અહીં સંયુકત રીતે કરવામાં આવેલી છે . આ કામના વાદીએ હાલની અરજીની દાદમાં જણાવેલ છે કે, અરજીના પેરા નં.૧ માં વર્ણવેલ મકાનના પાછળના ભાગમાં તથા વાદીની સામેની બાજુ પ્રતિવાદી નં.૧ થી ૩ નાએ સરકારી રસ્તાની જગ્યાનું દબાણ કરી કંમ્પાઉન્ડ કોટ કરી દીધેલ હોઈ તેમાં અવરજવરના રસ્તા મુકવા પ્રયત્નશીલ હોઈ, તેમજ પ્રતિવાદી નં.૧ નાએ દબાણ કરી કોટી કરેલ તેમાં લોખંડની જાળી મુકેલ હોઈ તે પ્રતિવાદી નં.૪ નાઓએ કરેલ કંમ્પાઉન્ડ કોટનુ દબાણ દુર કરવાની કોઈ કાર્યવાહી કરેલ નથી કે દબાણ દુરાવેલ નથી તે પ્રતિવાદી નં.૧ થી ૩ કરેલ કોટનુ દબાણ દુરાવવા પ્રતિવાદીઓને હુકમ કરવા તેમજ વાદીએ હમારા મકાનના આંગણામાં બનાવેલ શેડ પ્રતિવાદી નં.૪ નાઓ દુર કરે કે કરાવે નહી તેવુ વિજ્ઞાપન કરી આપવા હુકમ ફરમાવવા તેમજ વાદીના મકાન સામે તથા પ્રતિવાદી નં.૧ થી ૩ નાઓ પ્રતિવાદી નં.૪ ના સલાહ સુચનો તથા યોગ્ય કાર્યવાહી તથા દસ્તાવેજી મુલ્યાંકન તથા ખરાઈ કર્યા વગર વાદીની મકાનની પુર્વ દિશામાં પ્રતિવાદી નં.૧ થી ૩ ના મકાનની પાછળના ભાગે તેમના માણસો, મરતિયાઓ નોકરો કે એજન્ટો મારફતે વાદીને નુકશાન કર્તા બીજુ કોઈ પણ પ્રકારનુ બાંધકામ કરે કે કરાવે નહી તેવો દાવો ચાલતા દરમિયાન કામચલાઉ મનાઈ હુકમ ફરમાવવાનુ જણાવેલ છે. જે વંચાણે લેવામાં આવે છે.

(૧૨) તેમજ હાલની અરજીના સમર્થનમાં વાદી તરફે માર્ક–૩/૧ થી ૩/૬ સુધી રજુ કરેલ તમામ દસ્તાવેજી આધારોની પ્રાયમાફેસી હકીકત ધ્યાને લેવામાં આવે છે. તેમજ પ્રતિવાદી નં.૧ થી ૩ તરફે રજુ માર્ક–૧૮/૧ થી ૧૮/૧૧ તેમજ પ્રતિવાદી નં.૪ તરફે રજુ માર્ક–૨૧/૧ થી ૨૧/૬ વાળા દસ્તાવેજી પુરાવાની પ્રાયમાફેઈસી હકીકત પણ ધ્યાને લેવામાં આવે છે. જેથી વાદી તરફે રજુ માર્ક–૩/૧ થી ૩/૫ સુધીના દસ્તાવેજી પુરાવા ની પ્રાયમાફેઈસી હકીકત જોતાં પ્રતિવાદી નં.૧ થી ૩ ધ્વારા દાવાવાળી જમીન માં દબાણ કરેલ હોવાની કોઈ હકીકત જણાઈ આવતી નથી. વધુમાં, વાદી તરફે પોતે જ રજુ કરેલ માર્ક–૩/૬ વાળા દસ્તાવેજી પુરાવાની પ્રાયમા ફેઈસી હકીકત જોતાં તા.૧૪/૩/૨૩ ના રોજ ગોરલ ગ્રામ પંચાતય ના સરપંચ શ્રી ધ્વારા વાદીને જે ગ્રામ પંચાયત ની જમીન ઉપર ૮.૦૦(આંઠ) ફુટ જેટલી જમીન પર લોખંડના પતરાનો શેડ બનાવી બાંધકામ ગેરકાયદેસરનું કરેલ હોવાની નોટીસ આપેલ છે. જે ધ્યાને રાખતાં વાદી ધ્વારા રજુ કરેલ દસ્તાવેજી પુરાવા મુજબ દાવાવાળી જમીન પર પ્રતિવાદી નં.૧ થી ૩ ધ્વારા ગેરકાયદેસર બાંધકામ કે દબાણ કરેલ હોવાની કોઈ હકીકત જણાઈ આવતી નથી.

(૧૩) વધુમાં, પ્રતિવાદી નં.૧ થી ૪ નાઓ ધ્વારા રજુ કરેલ માર્ક–૧૮/૧ થી ૧૮/૧૧ અને માર્ક–૨૧/૧ થી ૨૧/૬ વાળા દસ્તાવેજી પુરાવાની હકીકત જોતાં દાવાવાળી જમીનમાં વાદી ધ્વારા જ ગેરકાયદેસરનું બાંધકામ કરેલ હોવાની હકીકત પ્રાઈમાફેઈસી રીતે જણાઈ આવે છે. તેમજ પ્રતિવાદીઓ ધ્વારા રજુ કરેલ માર્ક–૧૮/૧૧ તેમજ માર્ક–૨૧/૬ વાળા ફોટો તેમજ માર્ક–૨૧/૪ વાળા ગોરલ ગ્રામ પંચાયત, તા.ઈડર ધ્વારા કરવામાં આવેલ પંચનામાં તેમજ સ્થળ પર ના સ્થળ સ્થિતી ના નકશાની હકીકત ધ્યાને રાખતા દાવાવાળી જમીન પર વાદી ધ્વારા પોતે જ લોખંડ તથા પતરાનો શેડ બનાવેલ હોવાની હકીકત પ્રાઈમા ફેઈસી રીતે જણાઈ આવે છે.

જેથી આ કામના વાદી ધ્વારા રજુ કરેલ માર્ક–૩/૧ થી ૩/૬ વાળા દસ્તાવેજી પુરાવાની પ્રાઈમા ફેઈસી હકીકત જોતા પ્રતિવાદી નં.૧ થી ૩ ધ્વારા દાવાવાળી જમીન ઉપર દબાણ અથવા બાંધકામ કરેલ હોવાની હકીકત જણાઈ આવતી નથી. વધુમાં, વાદી ધ્વારા પોતે જ રજુ કરેલ માર્ક–૩/૬ તેમજ પ્રતિવાદીઓ ધ્વારા રજુ કરેલ માર્ક–૧૮/૧ થી ૧૮/૧૧ તેમજ માર્ક–૨૧/૧ થી ૨૧/૬ વાળા દસ્તાવેજી પુરાવાની પ્રાઈમા ફેઈસી હકીકત જોતાં વાદી ધ્વારા દાવાવાળી જમીન ઉપર લોખંડ તથા પતરાનો શેડ બનાવેલ હોવાની હકીકત જણાઈ આવે છે. જેથી વાદીનો પ્રાઈમા ફેઈસી કેસ નથી. સગવડતા–અગવડતા નુ પલ્લુ વાદીની તરફેણમાં નથી

તેમજ માંગ્યા મુજબની દાદ મંજુર ના કરવાથી વાદીને નાણાંમા ભરપાઈ ન થઈ શકે તેવુ નુકશાન થવાની સંભાવવના પણ જણાઈ આવતી નથી. જેથી ઉપર મુજબની તમામ ચર્ચા મુજબ મુદ્દા નં.૧ થી ૩ નો જવાબ નકારમાં આપી, મુદ્દા નં.૪ ના પરત્વે ન્યાયના હિતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**<u>-:: હુકમ ::-</u>**

(૧) આ કામના વાદીની આંક-૫ ની કામચલાઉ મનાઈ હુકમ મેળવવાની હાલની અરજી નામંજુર કરવામા આવે છે.

(૨) ખર્ચ અંગે કોઈ હુકમ કરવામાં આવતો નથી.

હુકમ આજરોજ તા. , માહે: નવેમ્બર, સને: ૨૦૨૪ નાં રોજ ખુલ્લી અદાલતમાં, વાંચી સંભળાવી, જાહેર કર્યો.

ઈડર
તા. /૧૧/૨૦૨૪

**(પ્રિયમ બાબુલાલ બોહરા)**
એડીશ્નલ સિવિલ જજ, ઈડર.
**JUDGE CODE NO.GJ01296.**

**//Mahavir//**